વિષયઃ— ડ્રાઈવરોને તેમની ફરજ ઉપર ગણવેશ પહેરીને ફરજ ઉપર હાજર રહેવા બાબત...

સંદર્ભઃ— સેકશન અધિકારીશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગના પત્ર ક્રમાંકઃપરચ/૧૩૨૦૧૪/
૧૯૩૩/મ.૩, તા.૧૨/૧૧/૨૦૧૪

---

જા.નં.નકૃયુ/રજી/અ—૩—૨/ ૧૪૦૭૬ /૨૦૧૪, તા.૧૯/૧૨/૨૦૧૪

સામેલઃ— ઉપર મુજબ

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂઃ—</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

**ડ્રાઇવરોને તેમની ફરજ ઉપર ગણવેશ પહેરીને ફરજ ઉપર હાજર રહેવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:ગણવ/૧૦/૨૦૧૪/૬૧૦૯૭૭/ખ-૩
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૮/૨૦૧૪

વંચાણે લીધા:- (૧) સા.વ.વિ.નો તા.૨૧/૦૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:ડવર-૧૦૨૦૧૦-૪૧૪૯-ખ.૩.

પરિપત્ર:-

સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને જીલ્લા કચેરીઓમાં ડ્રાઇવરોને એક વર્ષમાં ૨ (બે) જોડી ગણવેશનું કાપડ, ગણવેશની સિલાઇ ભથ્થું તથા આ ગણવેશની ધોલાઇ માટે માસિક ધોરણે રૂ.૫૦/-નું ધોલાઇ ભથ્થું સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. સરકારશ્રીના ઉચ્ચ અધિકારીઓનાં તથા અન્ય વાહનો ચલાવતા ડ્રાઇવરો તેમના માટે નિયત કરવામાં આવેલ ગણવેશ પહેરીને જ તેમની ફરજ ઉપર આવે તેના માટે ઉપર વંચાણે લીધેલ તા.૨૧/૮/૨૦૧૩ના ઠરાવથી ડ્રાઇવરો માટે નિયત કરવામાં આવેલ ગણવેશ, ગરમ ગણવેશ, ગણવેશની સિલાઇ માટે અને બુટ ખરીદવા માટેના દરોમાં વધારો કરવામાં આવેલ છે. આ વધારો કરવા માટે ડ્રાઇવરોના મંડળ દ્વારા પણ વારંવારની રજુઆતો કરવામાં આવતી હતી.

૨. અનુભવે એવું જણાયેલ છે કે સરકારશ્રીના ડ્રાઇવરો તેમની ફરજ ઉપર ગણવેશ પહેરીને આવતા નથી આ બાબતો જુદા જુદા વિભાગો તરફથી પણ અભિપ્રાય મંગાવવામાં આવતાં મહદ્ અંશે ડ્રાઇવરો દ્વારા ગણવેશ પહેરવામાં આવતો નથી તેવો અભિપ્રાય મળેલ છે પરિણામે ડ્રાઇવરોને ગણવેશ આપવાની યોજનાઓ હેતુ અર્થસભર રહેતો નથી. આ સંજોગોમાં, ડ્રાઇવરો દ્વારા તેમના માટે નિયત કરવામાં આવેલ ગણવેશ પહેરીને જ ફરજિયાતપણે તેમની ફરજ ઉપર આવે તે માટે સરકારશ્રી નીચે દર્શાવ્યા મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તદાનુસાર હવે રાજ્ય સરકારના તમામ ડ્રાઇવરો તેમની ફરજ ઉપર તેમના માટે નિયત કરવામાં આવેલ ગણવેશ પહેરીને જ ફરજ ઉપર આવે તેની તમામ ડ્રાઇવરોએ કાળજી રાખવાની રહેશે

(પાછળ)

D:\Documents\Driver Uniform.docx

17 DEC 20

૨. આમ, ડ્રાઇવર સંવર્ગના કર્મચારીઓ દ્વારા ગણવેશ પહેરીને તેમની ફરજ ઉપર ફરજિયાતપણે હાજર રહે તે માટે નીચે મુજબની કાર્યરીતિ નિયત કરવામાં આવી છે.

(૧) મહિનામાં પ્રથમ વખત ગણવેશ વિના આવશે તો તેમની જે તે દિવસની ૧/૨ (અડધા દિવસ)ની પરચુરણ રજા ગણવામાં આવશે.

(૨) મહિનામાં જો દ્વિતિય વખત ગણવેશ વિના આવશે તો તેમની જે તે દિવસની આખા દિવસની પરચુરણ રજા ગણવામાં આવશે.

(૩) એક માસમાં બે દિવસથી વધુ વખત ગણવેશ વિના આવશે તેઓનું જે તે માસનું ધોલાઇ ભથ્થું મળવાપાત્ર રહેશે નહિં, અને

(૪) જે ડ્રાઇવર વર્ષમાં ૩૦ દિવસ ગણવેશ વિના આવે તો બીજા વર્ષે ગણવેશ મેળવવાપાત્ર થશે નહિં અને તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે અમલીકરણ થાય તે માટે સંબંધિત વિભાગ/ખાતાના વડાઓ/જીલ્લા કચેરીના મહેકમ અધિકારીએ નિયંત્રણ રાખવાની અને તે સૂચનાઓનો ભંગ થાય તો ઉપર સૂચવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

(ડી.બી.ઝાલા)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
રાજયપાલશ્રીના ગૃહ નિયામકશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.

D:\Documents\Driver Uniform.docx

સચિવાલયના સર્વે વિભાગો.

સર્વે ખાતાના વડાની કચેરીઓ.

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.

સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગા;ધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.

સીલેક્ટ ફાઇલ.

------------------------------

- પત્ર દ્વારા

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૪/૧૯૩૩/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨/૧૧/૨૦૧૪

પ્રતિ,

વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ
સેક્શન અધિકારીશ્રી, મ-૧ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

D:\Documents\Driver Uniform.docx

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

પરચ/૧૧૨૦૧૪/૯૬૩૩/ભ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૧૧/૨૦૧૪.

પ્રત,

- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ / બોર્ડ / નિગમ / કૃ. યુનિ. ઓ.
- સેકશન અધિકારીશ્રી ભ-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ

ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

[illegible]
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

1 5 DEC 2014